# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref no. PN 2025-26/282 Dt. 07/01/2026

તંત્રીશ્રી, ___________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત 'રાજનીતિનું ગણિત' વિષે કાર્યક્રમ યોજાયો

### રાજનીતિના ગણિત જાણ્યા બાદ પણ ઉમેદવારો કયારેક હારી જાય છે, કારણ કે રાજનીતિનું ગણિત માત્ર રાજનીતિ નથી ચલાવતું પણ ડેસ્ટીની અને એથિકસથી પણ રાજનીતિ ચાલે છે, જે ગણિતથી પણ ઉપર છે : વરિષ્ઠ પત્રકાર અને લેખક શીલા ભટ્ટ

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'જીવન ગણિત મહોત્સવ' એક અનોખી વિચારશ્રેણી અંતર્ગત મંગળવાર, તા. ૬ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'રાજનીતિનું ગણિત' વિષય પર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં નવી દિલ્હીના વરિષ્ઠ પત્રકાર અને લેખક શ્રીમતી શીલાબેન ભટ્ટે રાજનીતિનું ગણિત અને તેના વિવિધ પાસાઓ વિષે સમજણ આપી હતી.

શ્રીમતી શીલાબેન ભટ્ટે જણાવ્યું હતું કે, ચૂંટણી પહેલા રાજનીતિનું ગણિત સૌથી હાઈએસ્ટ હોય છે. ચૂંટણીમાં ઉમેદવારને સિલેકટ કરવાની પ્રક્રિયા જ રાજનીતિ છે. ચૂંટણીમાં ટિકિટ મેળવવી એ જ રાજનીતિ છે એમ પણ કહી શકાય. રાજનીતિમાં સત્તા મેળવવી અઘરી નથી પણ તેને ટકાવી રાખવી અઘરી હોય છે. સરકારને સ્થિર અને ટકાવી રાખી શકે એવા જ ઉમેદવારને ટિકીટ આપવી જોઇએ.

તેમણે વડાપ્રધાનશ્રીને ટાંકતા કહયું હતું કે, શ્રી નરેન્દ્ર મોદી ચૂંટણીના ગણિતને સારી રીતે સમજ્યા છે, જેના કારણે જ તેઓની સત્તા સ્થિર છે. સમગ્ર દેશમાં વર્ચસ્વ જમાવનાર પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધી વિષે પણ તેમણે વિસ્તૃત ચર્ચા કરી હતી. વધુમાં તેમણે કહયું કે, દેશમાં રાજ્યના મુખ્યમંત્રીઓ પણ સ્વતંત્ર રીતે ખૂબ પાવરફૂલ હોય છે, જેનું શ્રેષ્ઠ ઉદાહરણ પશ્ચિમ બંગાળ છે. ભારતમાં સરકાર બનાવવી હોય તો ઉત્તર પ્રદેશ અને બિહારમાં જીતવું પડે તેથી અત્યાર સુધી સાઉથના લોકો આ ફોર્મ્યુલાને ક્રેક કરી શક્યા નથી, જેની પાછળ સૌથી મોટું કારણ છે આ બે રાજ્યોની વસ્તી અને અન ઓર્ગેનાઈઝ્ડ સીટોની વહેંચણી છે.

શ્રીમતી ભટ્ટે કહયું હતું કે, ગૃપીઝમ એ માનવીય પ્રકૃતિ છે, એ નેગેટીવ નથી. ગૃપીઝમ પણ રાજનીતિનું ગણિત છે, જેના આધારે ઘણી વ્યકિતઓને રાજ્યસભાની ટિકીટ મળી છે. રાજનીતિના ગણિતમાં વફાદારી પણ કામ આવી જાય છે. તેમણે કહયું કે, વોટર્સનું ગણિત પણ રાજનીતિ છે, પરંતુ રાજનીતિના વિવિધ ગણિત જાણ્યા બાદ પણ ઉમેદવારો કયારેક હારી જાય છે, કારણ કે રાજનીતિનું ગણિત માત્ર રાજનીતિ નથી ચલાવતું પણ ડેસ્ટીની અને એથિકસથી પણ રાજનીતિ ચાલે છે, જે ગણિતથી પણ ઉપર છે.

આ કાર્યક્રમમાં સુરત શહેરના માજી મેયર શ્રી ફકીરભાઇ ચૌહાણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહયા હતા. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે, હવે રાજનીતિ રહી નથી, રાજકારણ બાકી છે.

ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્‌ ખજાનચી સીએ મિતિષ મોદીએ વકતાનો પરિચય આપ્યો હતો. ચેમ્બરના પૂર્વ પ્રમુખ અને કાર્યક્રમ અધ્યક્ષ શ્રી રૂપીન પચ્ચીગરે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.